**અગ્રતા ક્રમ:** **૧૯**

**વિભાગ:** આદિજાતિ વિકાસ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/૧૯૫૦

વિધાનસભા ગૃહમાં જવાબ

આપવાની તારીખ: **૨૮/૦૨/૨૦૨૪**

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

**પ્રશ્ન શિર્ષક: છોટાઉદેપુર જિલ્લામાં સરકારી છાત્રાલયો બનાવવા બાબત.**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**

**તથા તેમનો મત વિસ્તાર: શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**

# ૧૯

## છોટાઉદેપુર જિલ્લામાં સરકારી છાત્રાલયો બનાવવા બાબત

*15/04/1950 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) :
**માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલા સરકારી છાત્રાલયો ભાડાના મકાનમાં ચાલે છે ? | (૧) ૦૬ |
| (૨) ઉક્ત જિલ્લામાં કેટલા સરકારી છાત્રાલયોના મકાનો જર્જરિત હાલતમાં છે, અને | (૨) એક પણ નહી |
| (૩) ઉક્ત જર્જરિત મકાનોના નવીન મકાન બાંધકામ અંગેની કાર્યવાહી ક્યા તબક્કામાં છે ? | (૩) ભાડાના મકાનમાં ચાલતી કુલ-૬ છાત્રાલયો પૈકી ૨ નવીન છાત્રાલય મકાન બાંધકામ ચાલુ છે અને ૪ છાત્રાલયોના મકાન બાંધકામ અર્થે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |

-------------------

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૯૫૦**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટોઉદેપુર)**

---

**પ્રશ્ન–૧ આદિજાતિના વિદ્યાર્થીઓ માટે હાલ રાજ્યમાં કેટલી સરકારી છાત્રાલય કાર્યરત છે ? તેમાં કુમાર અને કન્યા માટેના સરકારી છાત્રાલયો કેટલાં છે? અને તેની માન્ય સંખ્યા કેટલી છે?**

**જવાબ:**

આદિજાતિના વિદ્યાર્થીઓ માટે હાલ રાજ્યમાં કુલ ૧૭૫ સરકારી છાત્રાલય કાર્યરત છે. જે પૈકી કુમાર માટે ૯૫ સરકારી છાત્રાલયો અને કન્યા માટે ૮૦ સરકારી છાત્રાલયો છે. અને તેમાં કુમાર/કન્યાની કુલ માન્ય સંખ્યા ૧૯૩૪૦ છે. જે પૈકી કુમાર છાત્રાલયોમાં માન્ય સંખ્યા ૧૦૧૪૦ તથા કન્યા છાત્રાલયોમાં માન્ય સંખ્યા ૯૨૦૦ છે.

**સરકારી છાત્રાલયોની વિગત**

| ક્રમ | જિલ્લાનું નામ | છાત્રાલયોની સંખ્યા | | | પોતાના મકાનમાં | સંયુક્ત મકાન /અન્ય | ભાડાના મકાનમાં | કુલ | વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | | | | | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ડાંગ | ૭ | ૭ | ૧૪ | ૫ | ૩ | ૬ | ૧૪ | ૮૮૦ | ૭૭૦ | ૧૬૫૦ |
| ૨ | વલસાડ | ૯ | ૧૦ | ૧૯ | ૫ | ૬ | ૮ | ૧૯ | ૮૯૪ | ૯૩૦ | ૧૮૨૪ |
| ૩ | નવસારી | ૫ | ૫ | ૧૦ | ૫ | ૧ | ૪ | ૧૦ | ૫૧૫ | ૬૪૫ | ૧૧૬૦ |
| ૪ | સુરત | ૯ | ૮ | ૧૭ | ૧૪ | ૧ | ૨ | ૧૭ | ૧૭૧૫ | ૧૭૩૫ | ૩૪૫૦ |
| ૫ | તાપી | ૭ | ૧૧ | ૧૮ | ૯ | ૧ | ૮ | ૧૮ | ૫૩૦ | ૯૫૫ | ૧૪૮૫ |
| ૬ | ભરૂચ | ૨ | ૨ | ૪ | ૩ | ૦ | ૧ | ૪ | ૨૬૦ | ૩૫૦ | ૬૧૦ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | દાહોદ | ૯ | ૫ | ૧૪ | ૮ | ૧ | ૫ | ૧૪ | ૧૦૦૦ | ૬૦૦ | ૧૬૦૦ |
| ૮ | વડોદરા | ૨ | ૨ | ૪ | ૩ | ૦ | ૧ | ૪ | ૩૧૦ | ૧૮૦ | ૪૯૦ |
| ૯ | છોટાઉદેપુર | ૬ | ૪ | ૧૦ | ૪ | ૦ | ૬ | ૧૦ | ૪૪૫ | ૩૪૫ | ૭૯૦ |
| ૧૦ | સાબરકાંઠા | ૪ | ૪ | ૮ | ૨ | ૦ | ૬ | ૮ | ૩૫૦ | ૩૬૦ | ૭૧૦ |
| ૧૧ | અરવલ્લી | ૩ | ૪ | ૭ | ૧ | ૦ | ૬ | ૭ | ૨૩૦ | ૨૮૭ | ૫૧૭ |
| ૧૨ | પંચમહાલ | ૨ | ૨ | ૪ | ૦ | ૦ | ૪ | ૪ | ૧૦૦ | ૧૨૦ | ૨૨૦ |
| ૧૩ | મહીસાગર | ૨ | ૩ | ૫ | ૨ | ૧ | ૨ | ૫ | ૧૭૦ | ૨૫૦ | ૪૨૦ |
| ૧૪ | નર્મદા | ૪ | ૪ | ૮ | ૨ | ૧ | ૫ | ૮ | ૭૨૩ | ૬૦૦ | ૧૩૨૩ |
| ૧૫ | બનાસકાંઠા | ૩ | ૧ | ૪ | ૧ | ૦ | ૩ | ૪ | ૧૬૧ | ૭૦ | ૨૩૧ |
| ૧૬ | મહેસાણા | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૨ | ૨ | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| ૧૭ | પાટણ | ૧ | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | ૨૦૦ | ૧૬૦ | ૩૬૦ |
| ૧૮ | અમદાવાદ | ૩ | ૧ | ૪ | ૧ | ૦ | ૩ | ૪ | ૫૨૦ | ૩૦૦ | ૮૨૦ |
| ૧૯ | ગાંધીનગર | ૫ | ૧ | ૬ | ૨ | ૪ | ૦ | ૬ | ૪૭૦ | ૩૦૦ | ૭૭૦ |
| ૨૦ | આણંદ | ૫ | ૨ | ૭ | ૧ | ૦ | ૬ | ૭ | ૬૯૫ | ૨૬૦ | ૯૫૫ |
| ૨૧ | રાજકોટ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૨ | ૧૦૦ | ૦ | ૧૦૦ |
| ૨૨ | મોરબી | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫૦ | ૦ | ૫૦ |
| ૨૩ | જામનગર | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૫૦ | ૦ | ૫૦ |
| ૨૪ | જુનાગઢ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૫૦ | ૫૦ |
| ૨૫ | ભુજ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૭૦ | ૦ | ૭૦ |
| ૨૬ | ભાવનગર | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૨ | ૨ | ૬૫ | ૭૦ | ૧૩૫ |
| **કુલ** | | **૯૫** | **૮૦** | **૧૭૫** | **૭૧** | **૨૦** | **૮૪** | **૧૭૫** | **૧૦૧૪૦** | **૯૨૦૦** | **૧૯૯૪૦** |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૯૫૦**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડણી (છોટાઉદેપુર)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા)**

---

**પ્રશ્ન–૨** **સરકારી છાત્રાલય શરૂ કરવાનો હેતુ શું છે? ગુજરાતમાં ક્યારથી છાત્રાલયની શરૂઆત થઈ? છાત્રાલયોમાં અભ્યાસક્રમ મુજબ પ્રવેશ મેળવવાના ધોરણો શું છે? સરકારી છાત્રાલયમાં આપવામાં આવતી સુવિધાની વિગતો શું છે?**

**જવાબ:**

અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજના અન્ય વર્ગોની હરોળમાં રહી હરીફાઇ કરી શકે તેવા હેતુથી એસ.એસ.સી પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયોની યોજન કાર્યરત કરવામાં આવી છે. જેનો અમલ વર્ષ ૧૯૫૫–૫૬ થી કરવામાં આવેલ છે. જેમાં કુમાર/કન્યા છાત્રાલયોમાં રહી અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ /વિદ્યાર્થીનીઓને મફતમાં રહેવા–જમવાની સુવિધા આપવામાં આવે છે.

સરકારી છાત્રાલયોમાં માન્ય સંખ્યા સામે પ્રવેશ આપવા માટે અભ્યાસક્રમ વાર પ્રવેશની ટકાવારી નીચે મુજબ છે.

| ક્રમ | અભ્યાસક્રમ | ટકાવારી |
|---|---|---|
| ૧ | મેડીકલ, એન્જીનીયરીંગ, પોલીટિકનીક, ફાર્મસી, આયુર્વેદિક, ડીપ્લોમાં, એન.આઇ.ડી., એન.આઈ. એફ.ટી, ડેન્ટલ, હોમીયોપેથી, એમ.સી.એ., એમ.બી.એ., સી.એ., કંપની સેક્રેટરી. | ૨૦ |
| ૨ | એકેડેમી અનુસ્નાતક અભ્યાસ ક્રમો | ૧૦ |

| | | |
|---|---|---|
| ૩ | ધોરણ–૧૧–૧૨ના અભ્યાસક્રમો | |
| | (અ) વિજ્ઞાન પ્રવાહ | ૧૨ |
| | (બ) સામાન્ય પ્રવાહ આર્ટસ / કોમર્સ. | ૦૮ |
| ૪ | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો | |
| | (અ) સાયન્સ | ૨૦ |
| | (બ) કોમર્સ | ૧૨ |
| | (ક) આર્ટસ | ૦૮ |
| ૫ | અન્ય અભ્યાસક્રમો ફાઈન આર્ટસ, એ.ટી.ડી., સી.પી.એડ., એમ.પી.એડ, બી.બી.એ., એમ.એસ. ડબલ્યુ, એમ.ફીલ., બી.એડ., એમ.એડ., એલ.એલ.બી., જર્નાલીઝમ, લાયબ્રેરી સાયન્સ, હોટલ મેનેજમેન્ટ, આઈ.ટી.આઈ. | ૧૦ |
| | કુલ | ૧૦૦ |

## **પૂરક પ્રશ્નો**

**પ્રશ્ન.૧ સમગ્ર રાજ્યમાં હાલમાં કેટલા સરકારી છાત્રાલયો ખાતાના પોતાના મકાનમાં અને ભાડાના મકાનમાં કાર્યરત છે?**

**જવાબઃ–**

સમગ્ર રાજ્યમાં હાલમાં કુલ ૭૧ સરકારી છાત્રાલયો ખાતાના પોતાના મકાનમાં કાર્યરત છે અને કુલ ૮૪ સરકારી છાત્રાલયો ભાડાના મકાનમાં કાર્યરત છે. કુલ ૧૮ છાત્રાલયો સરકારી મકાનમાં કાર્યરત છે તથા કુલ ૦૨ સરકારી છાત્રાલયો (૧) સરકારી કન્યા છાત્રાલય, માણેકપોર,તા.ઉમરગામ,જિ.વલસાડ (૨) સરકારી કુમાર છાત્રાલય, મુનપુર, તા.કડાણા, જિ.મહીસાગર ચાલુ કરવા માટે મકાન ભાડે મેળવવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે

| **કુલ છાત્રાલયો** | **ખાતાના પોતાના મકાનમાં કાર્યરત સરકારી છાત્રાલયો** | **ભાડાના મકાનમાં કાર્યરત સરકારી છાત્રાલયો** |
|---|---|---|
| ૧૭૫ | ૭૧ | ૮૪ |

**પ્રશ્ન.૨ છોટાઉદેપુર જિલ્લામાં કુલ કેટલા સરકારી છાત્રાલયો આવેલ છે?તે પૈકી કુમાર અને કન્યા છાત્રાલયોની સંખ્યા કેટલી છે ?**

**જવાબઃ**

છોટાઉદેપુર જિલ્લામાં કુલ–૧૦ સરકારી છાત્રાલયો આવેલ છે. જે પૈકી કુમાર માટે ૦૬(છ) તથા કન્યા માટે ૦૪(ચાર) સરકારી છાત્રાલયો આવેલ છે.તે પૈકી કુલ ૦૪ (ચાર) છાત્રાલયો સરકારી મકાનમાં તથા કુલ ૦૬ (છ) છાત્રાલયો ભાડાના મકાનમાં ચાલે છે.

| **ક્રમ** | **છાત્રાલયનું નામ** | **સરકારી/ ભાડામાં** |
|---|---|---|
| **કુમાર છાત્રાલય–(૬)** | | |
| **૧** | ડૉ.ભીમરાવ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય, છોટાઉદેપુર | સરકારી |
| **૨** | સરકારી કુમાર છાત્રાલય, જેતપુરપાવી | ભાડામાં |
| **૩** | સરકારી કુમાર છાત્રાલય, છોટાઉદેપુર | ભાડામાં |
| **૪** | સરકારી કુમાર છાત્રાલય, નસવાડી | સરકારી |
| **૫** | સરકારી કુમાર છાત્રાલય, કવાંટ | સરકારી |
| **૬** | સરકારી કુમાર છાત્રાલય, બોડેલી | ભાડામાં |
| **કન્યા છાત્રાલય–(૪)** | | |
| **૧** | શ્રીમતી રમાબાઇ આંબેડકર સરકારી કન્યા છાત્રાલય, છોટાઉદેપુર | સરકારી |
| **૨** | ડૉ.બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલય, જેતપુરપાવી | ભાડામાં |
| **૩** | સરકારી કન્યા છાત્રાલય, બોડેલી | ભાડામાં |
| **૪** | સરકારી કન્યા છાત્રાલય,જેતપુરપાવી | ભાડામાં |

**પ્રશ્ન.૩ છેલ્લા ૦૨ (બે) વર્ષમાં કેટલા છાત્રાલયોના નવીન બાંધકામ કરવા માટેની નવી બાબત મંજૂર થયેલ છે?**

**જવાબઃ**

વર્ષ–૨૦૨૩–૨૪માં **કુલ–૨૦** અને વર્ષ–૨૦૨૪–૨૫ માં **કુલ–૧૬** સરકારી છાત્રાલયોના નવીન બાંધકામ કરવા માટેની નવી બાબત મંજૂર થયેલ છે. જે પૈકી છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ–૨૦૨૩–૨૪માં ૦૧ (એક) સરકારી છાત્રાલયોના નવીન બાંધકામ કરવા માટેની નવી બાબત મંજૂર થયેલ છે.

| **ક્રમ** | **સરકારી છાત્રાલયનું નામ** | **જિલ્લો** |
|---|---|---|
| ૧ | સરકારી કન્યા છાત્રાલય, મુ.ઝાંઝરડા, તા.જી. તાપી | તાપી |
| ૨ | સરકારી કુમાર છાત્રાલય, ઉચ્છલ, જી. તાપી | તાપી |
| ૩ | કુમાર છાત્રાલય બોરખલ, જી. ડાંગ | ડાંગ |
| ૪ | કન્યા છાત્રાલય બોરખલ, જી.ડાંગ | ડાંગ |
| ૫ | કુમાર છાત્રાલય મોટાપોંઢા, જી. વલસાડ | વલસાડ |
| ૬ | કન્યા છાત્રાલય હાલોલ, જી. પંચમહાલ | પંચમહાલ |
| ૭ | સરકારી કન્યા છાત્રાલય, જુનાગઢ, તા.જી. જુનાગઢ | જુનાગઢ |
| ૮ | કન્યા–૧ અને ૨, આણંદ છાત્રાલય, જી. આણંદ | આણંદ |
| ૯ | કન્યા છાત્રાલય ભાવનગર, જી. ભાવનગર | ભાવનગર |
| ૧૦ | કુમાર છાત્રાલય ભાવનગર, જી. ભાવનગર | ભાવનગર |
| ૧૧ | કન્યા છાત્રાલય (કોલેજકક્ષા), મોટાપોંઢા, તા.કપરાડા, જી.વલસાડ | વલસાડ |
| ૧૨ | કુમાર છાત્રાલય, મુ.તા.સાગબારા, જી. નર્મદા | નર્મદા |
| ૧૩ | સરકારી કુમાર છાત્રાલય, મુ.રણધીકપરુ, જી. દાહોદ | દાહોદ |
| ૧૪ | સરકારી કન્યા છાત્રાલય, મુ.ઝાલોદ, જી.દાહોદ | દાહોદ |
| ૧૫ | સરકારી કન્યા છાત્રાલય, વિજયનગર | સાબરકાંઠા |
| ૧૬ | સરકારી કન્યા છાત્રાલય, માણેકપોર, જી.વલસાડ | વલસાડ |

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૧૯૫૦

## માન.ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)

## પુરક નોંધ

અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે તથા વિદ્યાર્થીઓના મા–બાપ/વાલીની આર્થિક સ્થિતિ નબળી હોવાથી શરૂઆતનું શિક્ષણ નહિ મેળવી શકતા અથવા અધવચ્ચેથી અભ્યાસ પડતો મુકવાની તેઓને ફરજ પડે છે. જેથી આવા તેજસ્વી/ મેધાવી અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે રહેવાની/જમવાની તથા ભણવાની વ્યવસ્થા માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવી શકે અને પોતાની શૈક્ષણિક કારકીર્દી ઉજ્જવળ બનાવી અન્ય સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તેવા આશયથી સરકારી છાત્રાલયોની યોજના કાર્યરત છે.

આ બાબતે માન.ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા છોટાઉદેપુર જિલ્લામાં અનુ.જનજાતીના વિધ્યાર્થીઓ માટે ભાડાના મકાનમાં ચાલતા છાત્રાલયોના નવીન મકાન બાંધકામ અર્થે પૃચ્છા કરેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં કુલ –૦૬ છાત્રાલયો ભાડાના મકાનમાં કાર્યરત છે. જે પૈકી ૦૨ નવીન છાત્રાલયના મકાન બાંધકામ ચાલુ છે અને ૦૪ છાત્રાલયોના મકાન બાંધકામ અર્થે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. જે મળ્યેથી છાત્રાલયના મકાન બાંધકામ કરવામાં આવશે.

**અગ્રતા ક્રમઃ ૧૯**

**૧) શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા  (છોટાઉદેપુર)**

**૨) શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા)**